R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૮ ● તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૭ ● અંક નં. ૪૮

ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : એ. જે. શાહ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી   કાર્યવાહક સંપાદક : રતીલાલ તુરી   સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.

વેબસાઈટ : www.gujaratinformation.net   www.facebook.com/gujaratinformation.official   Phone No. : 079-232-53440

# સશસ્ત્ર સીમા બળ

## સબ ઈન્સ્પેક્ટર/આસિ. સબ ઈન્સ્પેક્ટર/હેડ કોન્સ્ટેબલ/(ટેલિકોમ)ની જગ્યાઓ માટે ભરતી

સશસ્ત્ર સીમા બળ દ્વારા સબ ઈન્સ્પેક્ટર, આસિ. સબ ઈન્સ્પેક્ટર, હેડ કોન્સ્ટેબલ (ટેલિકોમ) ની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ભારતીય નાગરિક એવા પુરૂષ ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવવામાં આવે છે.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦-૦૧-૨૦૧૭**

**જગ્યાની કુલ સંખ્યા : ૮૭૨**

❑ **જગ્યાની વિગતો :**

| ક્રમાંક | જગ્યાનું નામ, પગાર ધોરણ | પોસ્ટ કોડ | સામાન્ય | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સબ ઈન્સ્પેક્ટર (ટેલિ કોમ્યુનિકેશન) (લેવલ-૬ રૂ.૩૫,૪૦૦ પ્રતિ માસ) | P02 | ૧૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૧૬ |
| ૨. | આસિ. સબ ઈન્સ્પેક્ટર (ટેલિ કોમ્યુનિકેશન) (લેવલ-૫ રૂ.૨૯,૨૦૦ પ્રતિ માસ) | P03 | ૭૭ | ૧૪ | ૫૦ | ૦૭ | ૧૧૦ |
| ૩. | હેડ કોન્સ્ટેબલ (ટેલિ કોમ્યુનિકેશન) (લેવલ-૪ રૂ.૨૫,૫૦૦ પ્રતિ માસ) | P04 | ૪૧૬ | ૧૨૧ | ૫૬ | ૧૫૩ | ૭૪૬ |

♦**એક્સ સર્વિસમેન માટે :** સબ ઇન્સ્પેક્ટર માટે સામાન્ય કેટેગરીમાં ૦૧ જગ્યા, આસિ.સબ ઇન્સ્પેક્ટર માટે સામાન્ય કેટેગરીમાં ૦૭, અ.પ.વ.માં ૦૧ જગ્યા, અ.જ.જા.માટે ૦૧ જગ્યા તથા હેડ કોન્સ્ટેબલ માટે સામાન્ય કેટેગરીમાં ૪૨ જગ્યા, અ.પ.વ.માં ૧૪ જગ્યા, અ.જા.માં ૧૩ જગ્યા તથા અ.જ.જા.વર્ગમાં ૦૬ જગ્યા એક્સ સર્વિસમેન અનામત છે.એક્સ સર્વિસમેન માટેની અનામત જગ્યાઓ માટે લાયકાતધરાવતા ઉમેદવારો નહીં મળે તો સામાન્ય વર્ગના અન્ય ઉમેદવારોથી આવી જગ્યાઓ ભરવામાં આવશે. ♦NOTE : **1.** Number of vacancies may increase or decrease without any notice **2.** The posts are temporal but likely to become permanent. **3.** The recruitment will be conducted on all India basis. **4.** Selected candidates are liable to be posted anywhere within as well as outside the Territory of India according to transfer policy of the force...

❑ **Eligibllity Conditions For Above Posts are as Under :**

| Sl. No. | Eligibllity Condition | Posts | |
|---|---|---|---|
| | | SI/ASI (Telecom) | HC Cons. (Telecom.) |
| 1. | Age as on 30-1-2017 | 18 to 25 years | 18 to23 years |

♦ ઉપલી વયમાં અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોને પાંચ વર્ષ અને અ.પ.વ.ના ઉમેદવારોને ત્રણ વર્ષની છૂટ મળી શકશે.

♦ સરકારી કર્મચારીઓ, વિભાગના કર્મચારીઓ એક્સ સર્વિસમેનને નિયમોમુસાર છૂટ મળી શકશે.

♦ ૧૯૮૪ અને ૨૦૦૨ના કોમી રમખાણોમાં માર્યા ગયેલા શખ્શોના વારસો/આશ્રિતોને નિયમોને આધિન પાંચ વર્ષની છૂટ મળી શકશે.

❑ **EDUCATIONAL QUALIFICATION :**

♦ **SI (Telecom.) :** Degree in Electronics; **Or** Telecommunication Or Science with Physics, Chemistry and Mathematics from a recognized University or Institution or equivalent.

♦ **ASI (Telecom.):** Matric with Diploma in Electronics; **Or** Telecommunication from an Institution recognized by the State Government or equivalent; **Or** ii) 10+2 Or Intermediate with aggregate marks of fifty percent with selective subject being Physics, Chemistry and Mathematics from a recognized oard or Institution or equivalent.

♦ **HC (Telecom)** Matric or equivalent with two years I.T.I. Certificate in Electronics Or Intermediate/ 10+2 with Physics, Chemistry, and Mathematics from a recognized Board or Institution or equivalent.

❑ **શારીરિક ધોરણ :** ત્રણેય કેટેગરી માટે : ઊંચાઇ-૧૭૦ સે.મી. (આદિવાસીઓ માટે ૧૬૨.૫ સે.મી.), છાતી ૮૦ સે.મી., (ફૂલાવેલી ૮૫ સે.મી.) (આદિવાસીઓ માટે ૭૬-૮૧ સે.મી.), વજન -ઊંચાઇને અનુરૂપ.

♦ **દ્રષ્ટિનું ધોરણ :** ત્રણેય જગ્યાઓ માટે ઉમેદવારની દૂરની દ્રષ્ટિનું ધોરણ એક આંખમાં ૬/૬, અને બીજી આંખમાં ૬/૯ હોવું જોઇએ.

♦ ઉમેદવાર વળેલા ઘૂંટણ, સપાટ તળીયા, વેરીકોસ વેઇન, ત્રાંસી આંખ જેવી શારીરિક ખામી ધરાવતા ન હોવા જોઇએ. તથા તેઓ ઊંચી રંગ દ્રષ્ટિ ધરાવતા હોવા જોઇએ. ઉમેદવાર સારૂ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ધરાવતા હોવા જોઇએ. તેમજ ફરજમાં અડચણરૂપ બને તેવી કોઇપણ શારીરિક ખામીથી મુક્ત હોવા જોઇએ.

❑ **શારીરિક સુસજ્જતા કસોટી** (PET) : બધી જગ્યાઓ માટે : ૩.૨ કિ.મી. દોડ - ૧૪ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે.એક્સ સર્વિસમેન ઉમેદવારોએ પીઇટી આપવાની નથી.પરંતુ તેઓએ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ, ટેકનિકલ ટેસ્ટ અને વિસ્તૃત તબીબી પરિક્ષણ આપવાનું રહેશે.

♦ PET માં ક્વોલીફાય થનાર ઉમેદવારોએ શારીરિક માપદંડ કસોટી (PST) માં ઉપસ્થિત થવાનું રહેશે.એક્સ સર્વિસમેન ઉમેદવારોએ પીએસટી આપવાની નથી.

PST માં સફળ થનાર ઉમેદવારે ત્યારબાદ દસ્તાવેજોની ચકાસી કરાવવાની રહેશે.આ માટે ઉમેદવારોએ દરેક દસ્તાવેજો અસલમાં રજૂ કરવાના રહેશે.

♦ **લેખિત પરીક્ષા :** દસ્તાવેજોની ચકાસણીમાં યોગ્યતા ધરાવનાર ઉમેદવારોએ ત્યારબાદ લેખિત પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.

♦ **લેખિત પરીક્ષા :** પેપર-૧ : પેપર-૧માં જનરલ નોલેજ, ન્યુમેરિકલ એબીલીટી, સામાન્ય અંગ્રેજી અને હિન્દી, જનરલ રીઝનીંગ લગતા ૧૦૦ જેટલા હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે.પરીક્ષાનો સમય બે કલાકનો રહેશે.

પેપર-૨ : ઉમેદવારની સબંધીત જગ્યાને અનુરૂપ ટેકનિકલ સજ્જતા ચકાસવા માટે ટેકનિકલને લગતા ૧૦૦ જેટલા હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે.

અંતિમ મેરિટ લિસ્ટ પેપર-૨માં મેળવેલા ગુણના આધારે તેયાર થશે.પેપર-૧ અને પેપર-૨ માટે ક્વોલીફાઇંગ ટકાવારી નીચે મુજબ છે.

સામાન્ય અને એક્સ સર્વિસમેન - ૫૦ ટકા

અ.જા./અ.જ.જા./અ.પ.વ. - ૪૫ ટકા

❑ **તબીબી પરીક્ષા :** લેખિત પરીક્ષાના આધારે તૈયાર થયેલા મેરિટ પ્રમાણે ઉમેદવારની ફરજ માટે ફીટનેસ ચકાસવા વિસ્તૃત તબીબી પરીક્ષા યોજાશે.

♦ તબીબી પરીક્ષામાં અનફીટ જાહેર થયેલ ઉમેદવાર નિયમોનુસાર નિયત સમયમાં જરૂરી ફી સાથે અપીલ કરી શકે છે.

❑ **અરજી ફી :** સબ ઇન્સ્પેક્ટર માટે સામાન્ય અને અ.પ.વ. ના ઉમેદવારોએ અરજીફી રૂપે રૂ. ૨૦૦ તથા આસિ.સબ ઇન્સ્પેક્ટર અને હેડ કોન્સ્ટેબલ માટે રૂ.૧૦૦ ચૂકવવાના છે. અરજી ફી ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર અથવા બેંકર્સ ચેક દ્વારા ચૂકવવાની છે. અ.જા./અ.જ.જા./એક્સ સર્વિસમેન ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની નથી.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

♦ યોગ્યતા ધરાવતા ઉમેદરવારોએ જાહેરાતમાં દર્શાવેલ નિયત નમૂના મુજબ અરજી કરવાની છે. અરજી ફોર્મ અને એડમીટ કાર્ડમાં નિયત જગ્યાએ તાજેતરમાં પડાવેલો પાસપોર્ટ સાઇઝનો ફોટો પ્રમાણીત કરાવેલો ચોંટાડવો. ભરેલા અરજી ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ સરનામે મોકલવાના છે.

❑ **અરજી મોકલવાનું સરનામું :**

**સબ ઈન્સ્પેક્ટર/હેડ કોન્સ્ટેબલ માટે :**

The Inspector General,Frontier HQ. Sashastra Seema Bal,Ganiadeoli,Ranikhet,District : Almora (UK) Pin No.263645

♦ ડી.ડી./આઇપીઓ/બેંકર્સ ચેક **"Inspector General Frontier HQ SSB, Ranikhet Branch Code-0704 "** ખાતે ચૂકવવાપાત્ર મોકલવો.

**આસિ.સબ ઈન્સ્પેક્ટર માટે :**

The Inspector General,Frontier HQ. Sashastra Seema Bal,Guwahati, House No.345, Nikita Complex, G.S.Road, Khanapara, District : Kamrup, Guwahati (Assam) Pin No.781022

♦ ડી.ડી./આઇપીઓ/બેંકર્સ ચેક **"Accounts Oficer, SBI Chenikuthi Branch Code-7976"** ચૂકવવાપાત્ર મોકલવો.

♦ અરજી મોકલવાના કરવર પર મોટા અક્ષરે "Application For the Post of .................. 2016 એમ ખાસ લખવું.

❑ **અરજી સાથે મોકલવાના બિડાણો :** (સ્વંય પ્રમાણીત નકલો બીડવી)

♦ તાજેતરમાં પડાવેલા બે પાસપોર્ટ સાઇઝના સ્વંય પ્રમાણિત ફોટા.જે પૈકી એક ફોટો અરજી ફોર્મમાં નિયત જગ્યાએ ચોંટાડવો અને બીજો ફોટો ફોર્મ સાથે બીડવો.

➔

- શૈક્ષણિક/ટેકનીકલ લાયકાતના પ્રમાણપત્ર
- જન્મ તારીખના પુરાવા માટે મેટ્રિક્યુલેશન/10+2 નું પ્રમાણપત્ર
- જાતિના દાખલાનું પ્રમાણપત્ર (નિયત નમૂના મુજબ)
- એક્સ સર્વિસમેન માટે ડિસ્ચાર્જ/છૂટા કર્યાનું પ્રમાણપત્ર
- સરકારી કર્મચારીઓ માટે એન.ઓ.સી. ♦ડિમાન્ડ ડ્રાફ્ટ
- સ્વયંનું સરનામું લખેલ ૧૧.૫ સે.મી. x ૨૭.૫ સે.મી.ના બે પરબીડિયા બંને ઉપર રૂ. ૨૫ની ટપાલ ટિકિટ લગાડેલા સાથે બીડવા. ♦ડોમીસાઇલ/બોનાફાઇડ/કાયમી રહેવાસનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર

**મહત્વની સૂચનાઓ :**

- લેખિત પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે કોઇ ટી.એ./ડી.એ. મળશે નહીં. માત્ર અ.જા./અ.જ.જા. વર્ગના બેરોજગાર ઉમેદવારને જ આવવા-જવાની મુસાફરી માટે બીજા વર્ગનું રેલવે/બસ ભાડું પ્રવાસ કર્યાની સાબીતી, અસલ જાતિનું પ્રમાણપત્ર, બેરોજગાર હોવા અંગેનું ધારાસભ્ય, સંસદ સભ્ય, ગેઝેટેડ ઓફિસરનું પ્રમાણપત્ર રજૂ કર્યે પરત ચૂકવવામાં આવશે.
- ઉમેદવારે ભરતી માટે ૭-૮ દિવસના સ્વયંના ખર્ચે રોકાણની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.
- યોગ્યતા ધરાવતા ઉમેદવારોને ટપાલ દ્વારા ભરતી કેન્દ્રનું સ્થળ, સમય અને તારીખ જણાવવામાં આવશે.
- અરજી ફોર્મના નમૂના માટે એસએસબીની વેબસાઇટ www.ssbrectt.gov.in જોવી.

## Coal India Limited

A Maharatna Company

**RECRUITMENT FOR SENIOR POSITIONS**

CIL, the single largest coal producing company in the world, invites applications from suitable and experienced candidates for the following positions:

- **General Manager (Legal) Grade - E8 - Vacancies: 2 Posts.**
- **General Manager (Security) Grade - E8 - Vacancies: 6 Posts.**

For complete details on eligibility criteria, experience, age, compensation structure and other general terms and conditions and application format, please visit our website **www.coalindia.in/careers.**

The last date for receipt of duly completed applications along with all supporting documents is **03.02.2017** and sent to **General Manager (Personnel/Recruitment), Coal India Limited, Coal Bhawan, Premise No: 4, MAR, Plot AF-III, Action Area-1A, New Town, Rajarhat, Kolkata-700156.**

**Visit our website : www.coalindia.in**

## Bharat Electronics Limited

Bharat Electronics Limited, a premier Professional Electronics Company requires the following personnel for its Military Radars SBU at Bengaluru Complex on a fixed term basis for a period of 5 years.

| Job Code | Name of the post / Grade | Qualification / No. of Posts | Reservation | Upper age limit as on 01.01.2017 | Pay Scale |
|---|---|---|---|---|---|
| MR 01 | Deputy Engineer (EII) | BE(E&C) – 9<br>BE (Mech) -2 | 6 - Gen<br>3 - OBC<br>1 – SC<br>1 - ST | 28 yrs | ₹16400-3%-40500/- |

For the detailed advertisement please visit the Careers page of our website www.bel-india.com

**For authentic information on recruitment in BEL, please access the link provided in the official BEL website only - www.bel-india.com.**

## KANDLA PORT TRUST

(ADVT. NO. GA/PS/1218/Pilot/2016 Dated 02/01/2017)

The Kandla Port Trust, a Major Port of India, invites applications for appointment as Pilots on regular basis.

**PILOT (Marine)** : 5 posts (1 UR, 2 OBC, 1 SC and 1 ST)

Scale of Pay : ₹ 29100-54500 (IDA)

Upper Age Limit : 40 years (Relaxable up to 5 years for SC/ST and 3 years for OBC)

For further details and application form, please visit Career / Vacancy Section of Kandla Port Trust's Website at **www.kandlaport.gov.in**

The last date of receipt of applications is **19/01/2017**.

Sd/-

**Dy. Secretary (Personnel)**
**Kandla Port Trust**

(અનુસંધાન પાન નં. ૩ ઉપરનું ચાલુ...)

*ગ્રુપ ડિસ્કશન/મનોવૈજ્ઞાનિક કસોટી દ્વારા હાથ ધરવામાં આવે છે. જ્યારે ઉમેદવારોની સંખ્યા વધુ હોય ત્યારે લેખિત પરીક્ષા યોજવામાં આવે છે. જગ્યાઓ માટેની જાહેરાત ઈન્સ્ટિટયુટ ઓફ બેંકીગ પર્સોનલ સિલેક્શન(IBPS) અને સબંધીત બેંક દ્વારા બહાર પાડવામાં આવે છે.* **સીધી એન્ટ્રીના લાભ :** *જનરલ બેંકીગમાં પ્રોબેશનરી ઓફિસરોની સામાન્ય રીતે જુનિયર મેનેજમેન્ટ કેડર (સ્કેલ-I) માં નિમણૂક કરવામાં આવે છે. સ્પેશ્યાલિસ્ટ ઓફિસર કેટલોક અનુભવ મેળવ્યા બાદ સીધા જ હાયર સ્કેલ - Iમાં જોડાવવાની તક મળી શકે છે. સ્પેશ્યાલિસ્ટ ઓફિસર માટે મીડલ મેનેજમેન્ટના સ્કેલ - I,II અનેઅથવા સ્કેલ - IV માંનિમણૂકની તક રહેલ છે.. ઉમેદવાર પાસે વિકલ્પ હોય છે કે તે સ્પેશ્યલાઈઝ એરિયામાં કામ કરે અથવા જનરલ બેંકીગમાં જઈ શકે છે. સ્પેશ્યાલિસ્ટ ઓફિસર નિયત વર્ષો સુધી સેવા બજાવ્યા બાદ બેંક દ્વારા આવા અધિકારીઓને જનરલ બેંકીગમાં તબદીલ થવાની છૂટ આપવામાં આવે છે. (સૌજન્ય :એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ)* **સંકલન : જીગ્નેશ ચુનારા**

# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન :ગાંધીનગર

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર દ્વારા લાભાર્થીઓ માટે નીચે જણાવેલ યોજનાઓ અમલમાં છે.

૧.આદિજાતિના ધોરણ-૧૨ પાસ અથવા ઇન્ડિયન સ્કુલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટેના ખર્ચને પહોંચી વળવા માટે ૪ ટકા વ્યાજના રાહત દરે રૂ.૧૫ લાખ સુધીની લોન આપવામાં આવે છે.

૨.આદિજાતિના ધોરણ-12 પાસ અથવા ઇન્ડિયન સ્કુલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોય તેવા વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટેના ખર્ચને પહોંચી વળવા માટે ૪ ટકાના વ્યાજના રાહત દરે રૂ.૨૫ લાખ સુધીની લોન આપવામાં આવે છે.

૩.આદિજાતિના કાયદાના સ્નાતકોને સિનિયર વકીલના હાથ નીચે પ્રેકટીસ કરવા માટે પ્રથમ વર્ષે માસિક રૂ.૧૦૦૦,બીજા વર્ષે માસિક રૂ.૮૦૦,ત્રીજા વર્ષે માસિક રૂ.૬૦૦ એમ કુલ મળીને રૂ.૨૮૫૦૦નું તબક્કાવાર સ્ટાઇપેન્ડ તથા તેઓના સિનિયર વકીલને ૩ વર્ષ સુધી માસિક રૂ.૫૦૦ લેખે કુલ રૂ.૧૮૦૦૦ સુધી તબક્કાવાર એલાઉન્સ આપવામા આવે છે.સદર યોજનાનો લાભ કાયદાના સ્નાતકો દ્વારા ગુજરાત બાર કાઉન્સિલમાં નોંધણી કરાવ્યા બાદ બે વર્ષના ગાળાની અંદર અરજી કરનારને મળશે.

૪.રાષ્ટ્રિય અનુસૂચિત જનજાતિ નાણાં અને વિકાસ નિગમ,ન્યુ દિલ્હી દ્વારા આદિજાતિના વિદ્યાર્થીઓને સ્વદેશમાં વ્યવસાયિક,ટેકનિકલ તેમજ પીએચ.ડી.ના અભ્યાસક્રમ માટે ૬ ટકાના વ્યાજના દરે રૂ.૫ લાખ સુધીનું ધિરાણ આપવા અંગેની નવી યોજના સને ૨૦૧૨-૧૩થી અમલમાં છે.

૫.આદિજાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા શહેરી વિસ્તારમાં રૂ.૧૦ લાખ તથા અન્ય વિસ્તારમાં રૂ.૫ લાખની લોન બેંકેબલ યોજના હેઠળ મળવાપાત્ર થશે.બેંક દ્વારા મંજૂર થયેલ લોન ઉપર વાર્ષિક ૪ ટકા સુધીના વ્યાજની સહાય રૂ.૧૫૦૦૦ની મર્યાદામાં ૩ વર્ષ સુધી નિગમ મારફતે મળવાપાત્ર થશે.સદરહુ યોજના સને ૨૦૧૪-૧૫થી અમલમાં મુકવામાં આવેલ છે.

૬.આદિજાતિના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં એમ.બી.બી.એસ.ના તમામ સત્રની ફી રાજ્યની ફી નિર્ધારણ સમિતી વખતોવખત નક્કી કરે તેવી ફી ભરવા માટે લોન આપવાનું ઠરાવેલ છે.આ યોજના સને ૨૦૧૩-૧૫થી અમલમાં મુકવામાં આવેલ છે.

**કાર્યપાલક નિયામક**
**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન**

# Goa Shipyard Limited

1. **POST : Junior Supervisor (IT) - 02**
   **RESERVATION: ST - 01; UR - 01**
   **UPPER AGE LIMIT: ST - 38 years; UR - 33 years**
   **PAY SCALE : Rs. 9000-3%-23300 (S-1)**
2. **POST :** Office Assistant (Commercial) (On Fixed termsis for 3 years) - 01 RESERVATION: UR - 01
   UPPER AGE LIMIT: UR - 33 years
   PAY SCALE: 1st Year Basic Pay Rs. 6200/- P.M., 2nd Year Basic Pay Rs. 6390/- P.M. and3rd Year Basic Pay Rs. 6580/- P.M. in the pay scale of Rs.6200-3%-20270 (M-3)
3. POST: Office Assistant - 04
   **RESERVATION: PwD (VH) - 01, ST - 01, UR - 02**
   **UPPER AGE LIMIT: PwD (VH) - 43 years, ST - 38 years, UR - 33 years(Including age relaxation for reserved category)**
   **PAY SCALE: Rs. 6200-3%-20270 (M-3)**
   required.
4. **POST: Office Assistant (On fixed term basis for 03 years)**
   \- **RESERVATION: ST - 02, UR - 05**
   **UPPER AGE LIMIT: ST - 38 years, UR - 33 years (Including age relaxation for reserved category)**
   **PAY SCALE:1st Year Basic Pay Rs. 6200/- P.M., 2nd Year Basic Pay Rs. 6390/- P.M. and 3rd Year Basic Pay Rs. 6580/- P.M. in the pay scale of Rs.6200-3%-20270 (M-3)**
5. **.POST: Store Assistant - 02**
   **RESERVATION: OBC - 01, UR - 01**
   **UPPER AGE LIMIT: OBC - 36 years, UR - 33 years(Including age relaxation for reserved category)**
   **PAY SCALE: Rs. 6000-3%-16950 (W-3)**
6. **POST: Store Assistant (On fixed term basis for 03 years) 2**
   **RESERVATION: ST - 01, UR - 01**
   **UPPER AGE LIMIT: ST - 38 years, UR - 33 years(Including age relaxation for reserved category)**
   **PAY SCALE: 1st Year Basic Pay Rs. 6000/- P.M., 2nd Year Basic Pay Rs. 6180/- P.M. and3rd Year Basic Pay Rs. 6370/- P.M. in the pay scale of Rs.6000-3%-16950 (W-3)**
7. **POST: Yard Assistant - 01**
   **RESERVATION: OBC - 01UPPER AGE LIMIT: OBC - 36 years(Including age relaxation for reserved category)**
   **PAY SCALE:Rs. 6000-3%-16950 (W-3)**
8. **POST: Yard Assistant (On fixed term basis for 03 years)05**
   **RESERVATION: PwD (HH) - 01, ST - 01, OBC - 01, UR - 02UPPER AGE LIMIT: PwD (HH)- 43 years, ST - 38 years, OBC - 36 years, UR - 33 years(Including age relaxation for reserved category)**
   **PAY SCALE: 1st Year Basic Pay Rs. 6000/- P.M., 2nd Year Basic Pay Rs. 6180/- P.M. and3rd Year Basic Pay Rs. 6370/- P.M. in the pay scale of Rs.6000-3%-16950 (W-3)**
9. **POST: Cook - 01 RESERVATION: UR - 01**
   **UPPER AGE LIMIT: UR - 33 years**
   **PAY SCALE: Rs. 5800-3%-15360 (W-2)**
10. **POST: Trainee Shipwright Fitter - 01**
    **RESERVATION: UR - 03**
    **UPPER AGE LIMIT: UR - 33 years**
    **PAY SCALE : All Inclusive Stipend of Rs. 7000/- per month during the 1st year andRs.7500/- per month during the 2nd year**
11. **POST: Plumber (On fixed term basis for 03 years) - 01**
    **RESERVATION: UR - 01**
    **UPPER AGE LIMIT: UR - 33 years**
    **PAY SCALE: Rs. 5800-3%-15360 (W-2)**
12. **POST: Mason - 01**

(અનુસંધાન પાન નં.૪ ઉપર)

# જાહેર ક્ષેત્રની બેંકોમાં સ્પેશ્યાલિસ્ટ ઓફિસર તરીકે ખમતીધર કારકિર્દી

દેશના આર્થિક વિકાસમાં બેંકોનું યોગદાન મહત્વનું છે.હાલમાં દેશમાં રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ના દરની ચલણી નોટો ચલણમાંથી પરત ખેંચવાના કેન્દ્ર સરકારના નિર્ણયના કારણે દરેક ક્ષેત્રના લોકોને બેંકોની અગત્યતાનો અહેસાસ થઇ રહ્યો છે.ખમતીધર કારકિર્દી બનાવવા ઇચ્છતા યુવાનો માટે પણ બેંકોની મહત્વતા એટલી જ છે.કારણ કે બેંકો દ્વારા ઓફિસરોને આકર્ષક વળતર આપવામાં આવે છે.ભારતમાં જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા દર વર્ષે મોટા પાયે અધિકારીઓની ભરતી કરવામાં આવે છે. બેંકો દ્વારા તેઓનું નેટવર્ક દેશના ખૂણે ખૂણે વિસ્તારવાના પ્રયાસો હાથ ધરવામાં આવે છે.તેઓનો ધ્યેય ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ દ્વારા ઓપરેશનલ ખર્ચ ઘટે તથા કામગીરીમાં કાર્યક્ષમતા વધે અને ઝડપ આવે તેવો હોય છે.આપણા માટે બેંકો એટલે થાપણો સ્વીકારવી અને વિવિધ પ્રકારે ધિરાણ કરવું.આ પ્રકારની કામગીરી માટે બેંકો પાસે કલેરીકલ સ્ટાફ અને ઓફિસરો હોય છે.જે આ પ્રકારની કામગીરીને સરળ બનાવે છે.બેંકોમાં આ પ્રકારની જગ્યાઓ માટે મોટેભાગે ભરતી કરવામાં આવે છે.શિક્ષિત યુવાનોમાં પણ એવો ખ્યાલ પ્રવર્તે છે કે બેંકોમાં આ પ્રકારની જ જગ્યાઓ માટે કારકિર્દીનો અવકાશ છે.જાહેર ક્ષેત્રની બેંકોમાં ફ્રેશ જનરલ બેંકીંગ ઓફિસરને પ્રોબેશનરી ઓફિસર અથવા મેનેજમેન્ટ ટ્રેઇની તરીકે નિમણૂક આપવામાં આવે છે.દેશના સેંકડો યુવાનો માટે આ ડ્રીમ જોબ છે.આ સિવાય પણ બેંકોને એવા નિષ્ણાતોની જરૂર પડે છે કે જેઓ ખાસ પ્રકારની લાયકાત ધરાવે છે અને સ્પેશ્યલાઇઝ્ડ ક્ષેત્રમાં કામ કરવા માટે ઉત્સુક હોય છે.જાહેર અને ખાનગી બંને ક્ષેત્રમાં કેટલીક ખાસ કામગીરી હોય છે.ખાનગી બેંકો દ્વારા આ માટે કેમ્પસ ઇન્ટરવ્યૂ અને જોબ સાઇટસ દ્વારા આવી જગ્યાઓ ભરવામાં આવે છે.જ્યારે જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા ખુલ્લી ભરતીની નીતિ અપનાવવામાં આવે છે.આ માટે વેબસાઇટ અને દૈનિકોમાં જાહેરાતો આપવામાં આવે છે.જાહેર ક્ષેત્રની બેંકોમાં સ્પેશ્યાલિસ્ટ કેરિયર માટેના ક્ષેત્રો આ પ્રમાણે છે- માર્કેટીંગ, સિક્યુરીટી, એન્જિનિયરીંગ ટેક્નોલોજી, લો, રિસ્ક મેનેજમેન્ટ, હિન્દી (પ્રશાસનિક ભાષા), ફિનાન્સ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, ઇકોનોમિક્સ અને આઇ.ટી. વગેરેનો સમાવેશ થાય છે. પ્રોબેશનરી જનરલ બેંકીંગ ઓફિસર માટે કોઇપણ શાખાના સ્નાતક લાયકાત ધરાવે છે.સ્પેશ્યાલિસ્ટ ઓફિસર માટે ઉમેદવાર જે તે ક્ષેત્રની ખાસ લાયકાત ધરાવતા હોય તે જરૂરી છે.સ્પેશ્યાલિસ્ટ ઓફિસર તરીકે એન્ટ્રી લેવલ અને તેમની કામગીરીનો પ્રકાર આ પ્રમાણે દર્શાવી શકાય.

♦**માર્કેટીંગ ઓફિસર :** હાલના દિવસોમાં સ્નાતક થયા પછી મેનેજમેન્ટની ડિગ્રી ખૂબ જરૂરી બની ગઇ છે.જો તમે માર્કેટીંગમાં સ્પેશ્યલાઇઝેશન સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી અથવા પી.જી.ડિપ્લોમા ઇન મેનેજમેન્ટ ધરાવતા હોવ તો તમે આ જગ્યા માટે લાયકાય ધરાવો છો.કેટલીક સંસ્થાઓ માર્કેટીંગ મેનેજમેન્ટમાં પી.જી.ડિપ્લોમા/ડિગ્રી ઓફર કરે છે.માર્કેટીંગ ઓફિસર બેંકની વિવિધ પ્રોડક્ટ માટેની માર્કેટીંગ વ્યૂહરચના ઘડે છે અને તેને અમલમાં મૂકવાની પ્રક્રિયા હાથ ધરે છે.તેઓ માર્કેટ રિસર્ચ તથા વેચાણ અને પ્રચાર ઝુંબેશ સાથે પણ સંકળાયેલા હોય છે.પોતાની સર્જનાત્મકતાનો ઉપયોગ કરીને હાલની પ્રોડક્ટમાં નવીનતા લાવવાની સાથે પ્રોડક્ટને નવો લુક પણ આપે છે.તેઓને કોર્પોરેટ અને ફિલ્ડ કક્ષાએ કામ કરવાનો લાભ મળે છે.

♦**લો ઓફિસર :** એલએલ.બી.ની ડિગ્રી સાથે કોર્ટમાં કેટલાક વર્ષો લીગલ પ્રેક્ટીસ કરી હોય તેવા ઉમેદવારો આ જગ્યા માટે લાયકાત ધરાવે છે.એલએલ.એમ.ની ડિગ્રી ધરાવનારને અગ્રતા આપવામાં આવે છે.કાયદાની ડિગ્રી સાથે અનુભવ ન હોય તેઓ અરજી કરવાપાત્ર નથી.કોર્ટ કેસમાં લો ઓફિસરે બેંકનો પક્ષ રજૂ કરવાનો રહે છે.તેઓએ મુસદ્દો તૈયાર કરવા, કોર્ટમાં કેસ ફાઇલ કરવા તથા જે તે કેસની પ્રગતિ અને તેની કોર્ટ કાર્યવાહી વિશે સત્તાધીશોને અહેવાલ આપવાનો હોય છે.તદઉપરાંત જ્યારે પણ બેંકીંગ મામલામાં જરૂર પડે ત્યારે કાયદાકીય મંતવ્ય આપવાનું રહે છે.બેંકોમાં ખાસ કરીને બાકી લેણાંની વસુલાત કાયદાની મર્યાદામાં રહીને હાથ ધરવામાં લો ઓફિસરોનું મહત્વનું પ્રદાન રહે છે.

♦**ફિનાન્સ / ક્રેડિટ ઓફિસર :** આ જગ્યા માટે ફિનાન્સમાં સ્પેશ્યલાઇઝ સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ અથવા ફિનાન્સીયલ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટની લાયકાત ધરાવનાર અરજી કરી શકે છે.આ જગ્યા માટે ઘણીવાર માટે સી.એ., આઇ.સી.ડબલ્યુ.એ. અથવા ચાર્ટડ ફિનાન્શીયલ એનાલિસ્ટ પણ ઇચ્છનીય લાયકાત તરીકે કામ કરી શકે છે.ફિનાન્સ/ક્રેડિટ ઓફિસર ધિરાણ માટેની વિનંતી, ધિરાણ મેળવવા ઇચ્છુકની પરત ચૂકવણીની ક્ષમતા, લોન માટે આપવામાં આવેલી સિક્યોરીટીનું નિરીક્ષણ તથા જરૂરી દસ્તાવેજો મેળવવા વગેરે કામગીરી કરવાની રહે છે.આ બધી બાબતો લોન પ્રોસેસીંગ તથા ક્રેડિટ પોર્ટફોલીયો માટે મહત્વની હોય છે.લોન એકાઉન્ટનું સતત મોનેટરીંગ પણ તેમણે કરવાનું રહે છે કે જેથી જ્યારે જરૂર પડે ત્યારે સાવચેતીના પગલા લઇ શકાય.લોનની રિકવરીમાં પણ ફિનાન્સ/ક્રેડિટ ઓફિસર સંકળાયેલા હોય છે.

♦**એગ્રિકલ્ચરલ ઓફિસર :** કેટલીક બેંકોમાં એગ્રિકલ્ચર ઓફિસર રૂરલ બેંકીંગ / રૂરલ ડેવલોપમેન્ટ ઓફિસર અથવા એગ્રિકલ્ચરલ ફિલ્ડ ઓફિસર તરીકે પણ ઓળખાય છે.આ જગ્યા માટે ઘણી લાયકાતો છે કે જે તમને લાયક બનાવે છે.એગ્રિકલ્ચર, હોર્ટિકલ્ચર, એનિમલ હસબન્ડરી, વેટરનરી સાયન્સ, ડેરી સાયન્સ, ફિશરી સાયન્સ, પેશી કલ્ચર, એગ્રિકલ્ચરલ માર્કેટીંગ એન્ડ કો-ઓપરેશન, કો-ઓપરેશન એન્ડ બેંકીંગ, એગ્રો ફોરેસ્ટ્રી, ફોરેસ્ટ્રી, એગ્રિકલ્ચરલ બાયોટેક્નોલોજી, ફૂડ સાયન્સ, એગ્રિકલ્ચર બિઝનેસ મેનેજમેન્ટ, ફૂડ ટેક્નોલોજી, ડેરી ટેક્નોલોજી, એગ્રિકલ્ચરલ એન્જિનિયરીંગ વગેરે પૈકી કોઇ એકમાં ચાર વર્ષના સ્નાતક થયા હોવા જોઇએ.અનુસ્નાતક અને પીએચ.ડી.થયેલા પણ આ ક્ષેત્રે ઝંપલાવી શકે છે.જાહેર ક્ષેત્રની બેંકો પાસે એગ્રિકલ્ચર સેક્ટરને નાણાંકીય ધિરાણ આપવા માટે

## કેરિયર ઓપ્શન

ઘણી યોજનાઓ હોય છે જેમાં હાઇ-ટેક એગ્રિકલ્ચરનો પણ સમાવેશ થાય છે.સરકાર દ્વારા એગ્રિકલ્ચર સેક્ટર માટે નિર્ધારીત કરવામાં આવેલા નાણાંકીય ધિરાણના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે પણ બેંકો તરફથી આ સેક્ટરને ધિરાણમાં અગ્રતા આપવામાં આવે છે.એગ્રિકલ્ચરલ ઓફિસર ગ્રામ્ય વિસ્તારોમાં ધિરાણ માટેની સંભાવનાઓ અને ધિરાણ માટેની જરૂરિયાતોનું આકલન કરે છે.જેના આધારે ઓફિસર ગ્રામ્ય વિસ્તારોમાં લોન મેળાઓનું આયોજન કરે છે.હાલના સમયમાં કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતો માટે વિવિધ પ્રકારની નાણાંકીય ધિરાણની યોજનાઓ ઉપર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે.આ યોજનાઓનો ખેડૂતોને મહત્તમ લાભ અપાવવામાં એગ્રિકલ્ચર ઓફિસર મહત્વનો ફાળો આપી શકે છે.

♦**એચઆર.ઓફિસર :** મેનેજમેન્ટમાં સ્પેશ્યલાઇઝેશન સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ કરનારા ઉમેદવારો આ ક્ષેત્રે કારકિર્દીનો વિકલ્પ રહેલો છે.આ પ્રકારના સ્પેશ્યલાઇઝેશન અથવા તો હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ થયા હોવ તો તમે આ જગ્યા માટે અરજી કરી શકો છો.સોશ્યલ વર્કમાં અનુસ્નાતક થયા હોવ એટલે કે સ્જીઉ કર્યુ હોય તો પણ તમે આ જગ્યા માટે યોગ્યતા ધરાવો છો. બેંકીંગ એ સેવા સાથે જોડાયેલો ઉદ્યોગ છે તેથી લોકો એટલે કે ગ્રાહકો સાથેનો વ્યવહાર કટોકટીપૂર્ણ રહે છે.બેંક ઉદ્યોગમાં ખૂબ જ કર્મચારીઓ રોકાયેલા હોય છે.અન્ય મોટા સંગઠનોની જેમ બેંકોએ પણ તેમના આ વર્કફોર્સને તેઓના હ્યુમન રિસોર્સ વિભાગની મદદથી મેનેજ કરવો પડે છે.બેંકોની કોર્પોરેટ ઓફિસોમાં અને નિયંત્રણ કચેરીઓમાં એચઆર વિભાગ કાર્યરત હોય છે.

♦**હિન્દી ઓફિસર :** અન્ય દરેક પ્રકારના જાહેર સંગઠનોની જેમ બેંકોમાં પણ હિન્દી ઓફિસરોની જરૂરિયાત રહે છે.હિન્દી ઓફિસર પ્રશાસનિક ભાષા અધિકારી તરીકે પણ ઓળખાય છે.સ્નાતક કક્ષાએ હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં અભ્યાસ કર્યો હોય અને હિન્દી અથવા અંગ્રેજીમાં એમ.એ. કર્યુ હોય તેવા ઉમેદવારો આ જગ્યા માટે વિચારણામાં લેવામાં આવે છે.સંસ્કૃતમાં એમ.એ. કર્યુ હોય તેઓએ સ્નાતક કક્ષાએ હિન્દી અથવા અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરેલો હોવો જોઇએ.ટ્રાન્સલેશનમાં ડિપ્લોમા અને અથવા પીએચ.ડી.થયા હોય તેવા ઉમેદવારો માટે કારકિર્દીના ઉજળા સંજોગો છે.આ જગ્યા ઉપર અધિકારીએ પરિપત્રો, દસ્તાવેજો અને ફોર્મનું હિન્દીમાંથી અંગ્રેજીમાં અથવા અંગ્રેજીમાંથી હિન્દી ભાષામાં ટ્રાન્સલેશન કરવાનું, હિન્દી ભાષાના વર્ગો અને કાર્યશાળાઓનું આયોજન કરવું, હિન્દી રાષ્ટ્રભાષા હોવાથી તેનો વધુ પ્રચાર થાય તે માટેના પ્રયાસો હાથ ધરવાના રહે છે.

♦**આઇ.ટી.ઓફિસર :** બેંકોમાં ઇન્ફોર્મેશન ઓફિસર બનવા માટે તમે કોમ્પ્યુટર એન્જિનિયરીંગ, કોમ્પ્યુટર એપ્લિકેશન, આઇ.ટી., ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિ કોમ્યુનિકેશન, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન પૈકી કોઇ એક શાખામાં ચાર વર્ષની ડિગ્રી અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી ધરાવતા હોવા જોઇએ.ગ્રેજ્યુએટ હોવા સાથે DOEACC ની 'B' લેવલની પરીક્ષા પાસ કરી હોય તેઓ પણ આ જગ્યા માટે લાયક ગણવામાં આવે છે.નેટવર્કીંગ, પ્રોગ્રામીંગ, લેંગ્વેજીસ, ડેટાબેઝ, આઇ.ટી.માં ડિગ્રી/ડિપ્લોમા/પ્રમાણપત્રની લાયકાત વધારાની ઇચ્છનીય લાયકાત ગણવામાં આવે છે.બેંકો હવે વધુને વધુ ટેક્નોલોજી પર આધારીત થવા લાગી હોવાથી આઇ.ટી ની લાયકાત ધરાવતા યુવાનો માટે તકો વધી છે.બેંકોમાં આઇ.ટી.ઓફિસરોની કામગીરી હાર્ડવેર અને સોફ્ટવેરની પ્રક્રિયા યોગ્ય રીતે ચાલે તે જોવાની સાથે કર્મચારીઓને ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં સહાયરૂપ બનવાની છે.આઇ.ટી.ના ક્ષેત્ર ઉપરાંત કેટલાક ખાસ સુપર સ્પેશ્યલાઇઝેશનના ક્ષેત્ર પણ ઉપલબ્ધ છે જેમ કે ડેટાબેઝ એડમિનિસ્ટ્રેશન, નેટવર્કીંગ, ઇન્ફોર્મેશન સિક્યોરીટી, સોફ્ટવેર ડેવલોપમેન્ટ અને ટેસ્ટીંગ.કેટલીકવાર આ પ્રકારના સ્પેશ્યલાઇઝેશનને લગતી જગ્યા માટે પણ ભરતી કરવામાં આવે છે.

♦**ટેકનિકલ ઓફિસર :** મિકેનિકલ/ઇલેક્ટ્રિકલ/સિવિલ એન્જિનિયરીંગમાં ચાર વર્ષનો બી.ઇ./બી.ટેક.કોર્સ કર્યો હોય તેઓ માટે બેંકમાં ટેકનિકલ ઓફિસર તરીકે તક મળી શકે છે.એમ.ઇ./એમ.ટેક.ની લાયકાત ધરાવનાર પણ અરજી કરી શકે છે.બી.આર્ક. કર્યુ હોય તેઓ માટે પણ આર્કિટેક્ટ તરીકે કેટલીક જગ્યાઓ ઉપર નિમણુક મળી શકે છે.બેંકો દ્વારા ઉદ્યોગોને ધિરાણ પૂરું પાડવામાં આવે છે.આ માટે ઔદ્યોગિક એકમો તરફથી આવતી નાણાકીય ધિરાણ માટેની દરખાસ્તોનું આકલન કરવામાં ટેકનિકલ એક્ષપર્ટની સલાહ જરૂરી બને છે.આ પ્રકારની સલાહ માટે બેંકોએ તેમના ટેકનિકલ ઓફિસરો ઉપર મદાર રાખવો પડેછે.ટેકનિકલ ઓફિસરો વિવિધ પ્રોજેક્ટના ટેકનિકલ પાસાઓની શક્યતા ચકાસેછે.ટેકનિકલ ઓફિસર તરફથી મળેલા નિર્દેશોને આધારે બેંકો પ્રોજેક્ટ માટે ધિરાણ અંગે નિર્ણય લે છે.

♦**ઇકોનોમિસ્ટ :** માઇક્રો લેવલે વિગતો અને આંકડાઓ પ્રાપ્ત કરવા માટે બેંકો દ્વારા ઇકોનોમિસ્ટની નિમણૂક કરવામાં આવે છે.ઇકોનોમિસ્ટની જગ્યા માટે ઇકોનોમિસ્ટમાં અનુસ્નાતકની ડિગ્રી સાથે સ્નાતક કક્ષાએ ઇકોનોમિક્સ વિષય ભણેલા હોવા જોઇએ.ઇકોનોમિક્સમાં અથવા સબંધીત વિષયમાં એમ.ફીલ.અથવા પીએચ.ડી.ની લાયકાત ઇચ્છનીય ગણવામાં આવે છે.ઇકોનોમિસ્ટ બેંકના કામકાજનું વિશ્લેષણ કરીને અન્ય બેંકો સાથે તેની સરખામણી કરે છે.આ પ્રકારનું વિશ્લેષણ બેંકોને કોર્પોરેટ વ્યૂહરચના નક્કી કરવામાં મદદરૂપ બને છે.રાષ્ટ્રિય અને વૈશ્વિક ઇકોનોમીના વલણોનો અભ્યાસ પણ ઇકોનોમિસ્ટ દ્વારા કરવામાં આવે છે.આ અભ્યાસમા તારણો વિશે બેંકના ઉચ્ચ પદાધિકારીઓને અવગત કરાવવામાં આવે છે.

♦**સિક્યુરીટી** ઓફિસર : બેંકો માટે કામગીરી કરવા માટે સલામતી અગત્યનો ભાગ ભજવે છે.તેથી સલામતીને વધુ સુદ્રઢ બનાવવા માટે બેંકો દ્વારા સિક્યુરીટી ઓફિસરની નિમણૂક કરવામાં આવે છે.આ જગ્યા માટે સ્નાતક હોવા સાથે આર્મી અથવા પોલીસ અથવા અર્ધ લશ્કરીદળમાં ઓફિસર તરીકેનો અનુભવ હોવો જરૂરી છે.સિક્યુરીટી ઓફિસર બનવા માટે આર્મીમાં કેપ્ટનથી ઓછી રેંકના ન હોય તેવા અથવા નેવી/હવાઇદળમાં તેને સમકક્ષ રેંકમાં અધિકારી તરીકે કમિશન સર્વિસમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અથવા પોલીસ અથવા અર્ધ લશ્કરી દળોમાં સહાયક પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક, આસિ.કમાન્ડન્ટ, નાયબ કમાન્ડન્ટથી ઓછી રેંકમાં ન હોય તે રીતે અધિકારી તરીકે અનુભવ ધરાવતા હોવા જોઇએ.મોટાભાગની બેંકોમાં સ્થાનિક સલામતી માટે સલામતી રક્ષકો તૈનાત હોય છે.સિક્યુરીટી ઓફિસર બેંકના વિવિધ વિભાગોમાં સલામતી વ્યવસ્થાનું નિરીક્ષણ કરવાની સાથે જ્યાં જરૂરી લાગે ત્યાં તકેદારીના પગલાં સૂચવે છે.સલામતી માટેના વિવિધ ઉપકરણો જેવા કે સી.સી.ટીવી કેમેરા, ફાયર એલાર્મ વગેરેની ખરીદી અને ગોઠવણીની કામગીરી પણ સિક્યુરીટી ઓફિસરના કાર્યક્ષેત્રમાં આવે છે.હવે તેઓની ભૂમિકા વધી હોવાથી તેઓ ઇન્ફોર્મેશન સિક્યુરીટી પણ સંભાળવા લાગ્યા છે.

♦**રિસ્ક મેનેજમેન્ટ ઓફિસર :** બેંકોમાં જોખમના પરિબળો વધી રહ્યા હોવાથી હવે મોટી બેંકોમાં સ્પેશ્યાલિસ્ટ રિસ્ક મેનેજમેન્ટ ઓફિસરની નિમણૂક કરવામાં આવે છે.સ્ટેટેસ્ટિક્સ, ફિનાન્શીયલ મેનેજમેન્ટ, સ્ટેટેસ્ટિક્સ, ફિનાન્શીયલ એન્જિનિયરીંગ, રિસ્ક મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી ધરાવનાર આ જગ્યા માટે લાયકાત ધરાવે છે.રિસ્ક મેનેજમેન્ટ ઓફિસર બેંકને લાગુ પડતા વિવિધ પ્રકારના જોખમોને ઓળખી તેનું વિશ્લેષણ કરીને આ જોખમોની અસર બેંકને ઓછામાં ઓછી થાય તે માટેની ચોક્કસ વ્યૂહરચના ઘડે છે.બેંકોને લાગુ પડતા જોખમોમાં બજારનું જોખમ, નાણાંકીય જોખમ, વ્યાજનું જોખમ તેમજ ઓપરેશનલ જોખમનો સમાવેશ થાય છે. સ્પેશ્યાલિસ્ટ ઓફિસરની પસંદગી માટેની પ્રક્રિયા : સ્કેલ-Iની જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોજાય છે.જેમાં રીઝનીંગ, અંગ્રેજી ભાષા, ક્વોન્ટિટીટીવ એપ્ટિટ્યુડ અથવા બેંકીંગના સ્પેશ્યલ રેફરન્સ સાથે જનરલ અવેરનેસ તથા સ્પેશ્યલાઇઝેશનના વિષયને અનુરૂપ પ્રોફેશનલ નોલેજને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે.દા.ત.માર્કેટીંગ ઓફિસરની જગ્યા માટે અરજી કરનારને માર્કેટીંગને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે.પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના અને ઓનલાઇન પૂછવામાં આવે છે.અંગ્રેજી ભાષા સિવાયના ભાગના પ્રશ્નો હિન્દી અને અંગ્રેજી ભાષામાં હોય છે.પરીક્ષામાં ક્વોલીફાઇ થવા માટે દરેક વિભાગમાં લઘુત્તમ ગુણ પ્રાપ્ત કરવાના રહે છે.મેરિટમાં અગ્રેસર હોય તેઓને ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે.સ્પેશ્યાલિસ્ટ ઓફિસરો માટેની હાયર સ્કેલવાળી જગ્યાઓ માટે પસંદગી ઇન્ટરવ્યૂ

(અનુસંધાન પાન નં.૫ ઉપર)

# Gujarat Energy Transmission Corporation Ltd.
# (GETCO)

## INVITES

## APPLICATIONS FOR THE POST OF
## 1. VIDYUT SAHAYAK (JUNIOR ENGINEER – ELECTRICAL / CIVIL)
## 2. PLANT OPERATOR GRADE I

Gujarat Energy Transmission Corporation Ltd. (GETCO) is a leading ISO 9001:2008 State utility in Transmission Business having its Head Quarter at Vadodara. It has strong work force of 12,000 employees with its transmission network spread over Gujarat State for power evacuation from generating stations and transmitting to DISCOMs.

As we are on high growth trajectory and need to strengthen our manpower strength, we invite applications from young and energetic engineering graduate and Diploma Holders to go through selection procedure and take up challenging task in GETCO.

The Below vacancies shall occur at various field offices of the Company and these posts are transferable within the Company.

### VIDYUT SAHAYAK (JUNIOR ENGINEER – ELECTRICAL & CIVIL)

1. **Qualification:**

   **B.E. (Electrical / Civil) / B. Tech (Electrical / Civil) full time Regular Course** Only from Recognized University with minimum

   - 60% for UR & PH Category Candidates,
   - 55% for Reserved Category Candidates

   Aggregate of 7th and 8th Semester, **First Trial without ATKT** (Passed examination in First attempt)

2. **Age limit: (As on the date of issuance of the advertisement i.e. 04.01.17)**

   - 30 years for UR Category Candidates.
   - 35 years for SC / ST / SEBC candidates.
   - 40 Years for PH Candidates.
   - Relaxation in upper age limit to other categories shall be given as under:

| Category | Relaxation |
|---|---|
| Female Candidates | 05 Years |
| Ex Armed Force Personnel | 10 years |
| Dependent of Retired Employee of the Company | Up to age of 40 years |

3. **Period of Engagement:**

   - Two Years as Vidyut Sahayak

4. **Fixed Remuneration per month**

(અનુસંધાન પાન નં. ૫ ઉપર)

(અનુસંધાન પાન નં. ૨ ઉપરનું ચાલુ...)

**RESERVATION: UR - 01UPPER AGE LIMIT: UR - 33 years**
**PAY SCALE: Rs. 5800-3%-15360 (W-2)**

13. **POST: Mason (On fixed term basis for 03 years) - 01 RESERVATION: UR - 01 UPPER AGE LIMIT: UR - 33 years PAY SCALE: Rs. 5800-3%-15360 (W-2).**
14. **POST RESERVATION: Rigger - 01 : UR - 01 UPPER AGE LIMIT: UR - 33 years PAY SCALE: Rs. 5800-3%-15360 (W-2)**
15. **POST: Letter Painter (On fixed term basis for 03 years) - 02 RESERVATION: UR - 02UPPER AGE LIMIT: UR - 33 years PAY SCALE: 1st Year Basic Pay Rs. 5800/- P.M., 2nd Year Basic Pay Rs. 5970/- P.M. and3rd Year Basic Pay Rs. 6150/- P.M. in the pay scale of Rs.5800-3%-15360 (W-2)** experience in the line.
16. **POST: Blasting cum Spray Painter - 08 RESERVATION: ST - 02, OBC - 02, UR - 04UPPER AGE LIMIT: ST - 38 years, OBC - 36 years, UR - 33 years PAY SCALE: Rs. 5800-3%-15360 (W-2)(Including age relaxation for reserved category)**
17. **POST RESERVATION: Painter - 03 : OBC - 01, UR - 02UPPER AGE LIMIT: OBC - 36 years, UR - 33 years PAY SCALE: Rs. 5800-3%-15360 (W-2)(Including age relaxation for reserved category)**
18. **POST : Painter (On fixed term basis for 03 years) - 20 : SC - 01, RESERVATIONUPPER AGE LIMIT PAY SCALE: Painter (On fixed term basis fo0years) - 20 : SC - 01, ST - 04, OBC - 04, UR - 11: SC/ST - 38 years, OBC -36 years, UR - 33 years (Including age relaxation for reserved category): 1st Year Basic Pay Rs. 5800/- P.M., 2nd Year Basic Pay Rs. 5970/- P.M. and 3rd Year Basic Pay Rs. 6150/- P.M. in the pay scale of Rs. 5800-3%-15360(W-2)**
19. **POST : Carpenter - 10 RESERVATION : ST - 01, OBC - 02, UR - 07UPPER AGE LIMIT : ST - 38 years, OBC - 36 years, UR - 33 years(Including age relaxation for reserved category)PAY SCALE :Rs. 5800-3%-15360 (W-2)**
20. **POST : Wireman - 02 RESERVATION: ST - 01, OBC - 01UPPER AGE LIMIT: ST - 38 years, OBC - 36 years(Including age relaxation for reserved category)PAY SCALE: Rs. 5800-3%-15360 (W-2)**
21. **POST : Diploma Trainee (Electrical Engg.) - 01 RESERVATION : UR - 01 UPPER AGE LIMIT : UR - 33 years PAY SCALE : All Inclusive Stipend of Rs. 8000/- per month during the year** of the vacancies.
22. **POST RESERVATION: Trainee Structural Fitter- 06 : ST - 01, OBC - 01, UR - 04UPPER AGE LIMIT: ST - 38 years, OBC - 36 years, UR - 33years(Including age relaxation for reserved category)PAY SCALE: All Inclusive Stipend of Rs. 7000/- per month during the 1st year andRs.7500/- per month during the 2nd year**
23. **POST : Trainee Pipe Fitter - 03 RESERVATION : OBC-01, UR-02UPPER AGE LIMIT : OBC- 36 years, UR-33 years (Including age relaxation for reserved category) PAY SCALE: All Inclusive Stipend of Rs. 7000/- per month during the 1st year and Rs.7500/- per month during the 2nd year**
24. **POST : Trainee General Fitter - 01 RESERVATION: OBC - 01 UPPER AGE LIMIT: OBC- 36 years(Including age relaxation for reserved category)PAY SCALE : All Inclusive Stipend of Rs. 7000/- per month during the 1st year andRs.7500/- per month during the 2nd year**
